


## શ્લોક : ૯

## યમુનાજીના પાઠનું ફળ

**તવાષ્ટકમિદં મુદા પઠતિ સૂરસુતે સદા**
**સમસ્તાદુરિતક્ષાયો ભાવતિ વૈ મુકુન્દે રતિઃ**
**તયા સકલસિધ્ધયો મુરરિપુશ્ચ્ય સંતુષ્યાતિ**
**સ્વભાાવવિજયો ભાવેત્ વદતિ વલ્લભાઃ શ્રી હરેઃ ||૯||**

**તવ** = તમારૂં. **અષ્ટકમ્** = આઠ શ્લોકોના જુથને, **ઈદં** = આ, **મુદા** = આનંદથી, **પઠતિ** = પાઠ કરે છે, **સૂરસુતે** = હે સૂર્યના પુત્રી (શ્રીયમુનાજી), **સદા** = હંમેશા, **સમસ્ત** = સર્વ, **દુરિત** = પાપ, **ક્ષાયઃ** = નાશ, **ભાવતિ** = થાય છે, **વૈ** = વળી, **મુકુન્દે** = મુકુન્દ ભગવાન શ્રીકૃષ્ણમાં, **રતિઃ** = પ્રીતિ, સ્નેહ, **તયા** = તે પ્રીતિ વડે, **સકલ** = સર્વ, **સિધ્ધિયઃ** = સિધ્ધિઓ, **મુરરિપુ** = મુર + રિપુઃ મુર રાક્ષસના શત્રુ શ્રીકૃષ્ણ, **ચ** = અને **સંતુષ્યાતિ** = સંતોષ પામે છે, પ્રસન્ન થયા છે, **સ્વભાાવવિજયઃ** = સ્વભાવ પર વિજય, **ભાવેત્** = થાય છે, **વદતિ** = કહે છે, **વલ્લભાઃ** = પ્રિય, **શ્રીહરેઃ** = શ્રીહરિને.

ભાવાર્થ : હે સૂર્ય પુત્રી શ્રી યમુનાજી ! આપની સ્તુતિના આ આઠ શ્લોકોના અષ્ટકનો જે કોઇ અનુષ્ય હંમેશા આનંદપૂર્વક્ પાઠ કરે છે તેના સર્વ પાપ નાશ પામે છે અને શ્રીકૃષ્ણ ભગવાનમાં તેની પ્રીતિ થાય છે. તે પ્રીતિ વડે ભક્તને સર્વ પ્રકારની સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે તેમજ ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય છે. તે ભક્તનો સ્વભાવ પર વિજય થાય છે. આ પ્રમાણે શ્રીહરિના પ્રિય એવા (શ્રી મહાપ્રભુજી - શ્રી વલ્લભાચાર્યજી) કહે છે.

કોઈ પ્રેમથી કરશે સદા આ પાઠ યમુનાષ્ટક તણો
નિશ્ચેય પ્રભુને પ્રિય થાશે ને નાશ થાશે પાપનો
સિધ્ધિ સકળ મળશે અને શ્રી કૃષ્ણમાં વધશે પ્રિતી
આનંદ સાગર ઉમટશે ને સ્વભાવ પણ જાશે જીતી
જગદીશને વાલ્હા અમારા વલ્લભાધીશ ઉચ્ચરે
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રી કૃષ્ણ આશ્રય આપજો||૯||

ઇતી શ્રીમદ્વલ્લભાચાર્યવ્ ઇરચિતં શ્રીયમુનાષ્ટકં સમ્પૂર્ણમ્ ।